# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩માં 'એ-૧' ગ્રેડ મેળવનારા શહેરના તેજસ્વી તારલા

ઉર્વી બારોટ, નિરવ ઓઝા, ધ્રુવિક પરમાર, નેષલ ચુડાસમા, મિહિર પરમાર, નેયા ચૌધરી, શૈવાલિન વાઘેલા, જૈનિલ પટેલ, વંદન રાવલ, અર્પિતા પટેલ, વર્ણન પ્રજાપતિ, હર્ષલ સક્સેના

મોહિલ પટેલ, આશિષ લિંબાની, ઋચિ પટેલ, કિંજલ રાણા, ચેતન પ્રજાપતિ, ઋષિલ પટેલ, સિમરન પાંડે, કાજલ પટેલ, હર્ષ પટેલ, મોહિત ખાનચંદાની, શિવમ શર્મા, મીત પટેલ

શૈલજા દવે, કેવલ સોની, જીલ ચૌધરી, ક્રિષ્ના સચાનિયા, દૃષ્ટિ નાકરાની, પૂજા પટેલ, વિશાલ પારેખ, ઉર્વી ઠક્કર, કાર્તિક જોષી, નિશિતા સરયૈયા, નિકિતા ગોડ, અમી પટેલ

અપૂર્વ દેસાઈ, ખુશ્બુ શાહ, હિમિલ પટેલ, ધર્મ પટેલ, અર્પિત પટેલ, આર્વી મહેતા, જીત ઠક્કર, ક્રિનલ પટેલ, અભિષેક પટેલ, ધ્રુવ પ્રજાપતિ, હર્ષપાલ રાઓલ, નિહાર ડામોર

ધ્રુવ પટેલ, હર્ષ પટેલ, જૈવિક અખાણી, મૃણાલ પુરોહિત, રોહિત ચૌધરી, શ્વેતા ચાવડા, ધૈર્ય પરમાર, જૈવિક ભરવાડ, અંકુલ દાસ, જૈનમ શાહ, મહર્ષિ રાવલ, મીત રાજ્યગુરુ

વંદન પટેલ, વિશ્વ પટેલ, ગરિમા પટેલ, જિનલ પટેલ, માલ્વિક પટેલ, નિહાર કાપડી, મેશ્વા સાવલિયા

## સે-૧૨ વિવેકાનંદ વિદ્યાવિહારનું પરિણામ ૯૦.૯૦ ટકા!

શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં આ વર્ષે શહેરની સરકારી શાળાના પરિણામમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. સે-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં ૪૪ પૈકી ૪૦ વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. શાળાનું પરિણામ પણ ૯૦.૯૦ ટકા આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સે-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાલયના સંચાલનની જવાબદારી સે-૨૩ કડી સર્વ વિદ્યાલયને સોંપવામાં આવી છે. ત્યારે શાળાના તેજસ્વી પરિણામ બદલ સર્વ વિદ્યાલયના ચેરમેન સરદારભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય આર.કે. ત્રિવેદીએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના સૌથી વધુ ૫૦ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૫માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી કુલ ૩૫૪૨ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૧૭૬ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. ગાંધીનગર કેન્દ્રમાં ૧૪૮ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. જેમાં નગરની વિવિધ શાળાઓમાં પણ એ-વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જેમાં સહજાનંદ સ્કુલ ઓફ એચિવર સરગાસણના ૫૦ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડમાં સ્થાનમળ્યું છે. જયારે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના ૨૫, વેદ ઈન્ટરનેશનલ સ્કુલના-૧૩ વિદ્યાર્થીઓનો એ-વન ગ્રેડમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત કુડાસણ સ્કુલ ઓફ અચિવર અને સે-૨૩ શેઠ સી.એમ. હાઈસ્કુલના ૯ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે.

## સહજાનંદ સ્કુલના હેમિલની ત્રણ વિષયમાં સેન્ચ્યુરી

ગાંધીનગર, તા.૨૪

વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષામાં ટોપર્સની યાદીમાં મોખરાનું સ્થાન ધરાવતા હેમીલ પટેલને રાજકારણ પ્રત્યે લગાવ છે. હેમીલને ફીલ્મો જોવી ગમતી નથી. વોલીબોલ રમવાનું પસંદ છે. હેમીલે ૫૦૦માંથી ૪૯૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. હેમીલે ગણિત, કેમેસ્ટ્રી અને ભૌતિકશાસ્ત્રમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. રોજના ૭ થી ૮ કલાકના વાંચન ઉપરાંત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના શિક્ષકોના માર્ગદર્શનના લીધે તેણે ધારણા મુજબનું પરિણામ મેળવ્યું છે. હેમીલના માતા મંદાકીનીબેન પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. જયારે પિતા હિંમતનગર પાસેના રામપુર ગામમાં ખેડૂત છે. હેમીલને એન્જિનીયર બનવાની ખેવના છે.

# કોલ્ડ વેવ વચ્ચે ઠેર-ઠેર ડીજે નાઈટના આયોજનથી ગાંધીનગર હોટ..!

## શહેર આસપાસ સાતથી વધુ પાર્ટી પ્લોટ-રિસોર્ટમાં ડીજેના તાલે યુવાઓ ઝુમશે

ગાંધીનગર, તા.૨૪

થર્ટી ફર્સ્ટ ડીજે નાઈટની યુવાઓ મીટ માંડીને બેઠા છે ત્યારે આ વર્ષે શિયાળાની જામેલી ઠંડીમાં ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં સાતથી વધુ સ્થળોએ ડીજે નાઈટનું આયોજન થતાં યુવાઓ ગેલમાં આવી ગયા છે. કોલ્ડવેવ વચ્ચે ઠેર ઠેર ડીજે નાઈટના થયેલા આયોજનથી ગાંધીનગર જાણે 'હોટ' બની ગયું છે તેની સાથોસાથ કપલ એન્ટ્રી પાસનું વેચાણ પણ ધૂમ વધ્યું છે. ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં સાતથી વધુ સ્થળોએ ડીજે નાઈટનું આયોજન થયું હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર-કોબા માર્ગ પર બોહરા પાર્ટી પ્લોટ, સામીયાણા પાર્ટી પ્લોટ, ઈન્ફોસીટી રીસોર્ટ લોન, નારાયણી ફાર્મ રીસોર્ટ ઉપરાંત શહેરમાં સ્થિત કેમ્બે રીસોર્ટ, ક-૭ સ્થિત શિવાલય પાર્ટી પ્લોટ અને ચિલોડા રોડ પર એસ.પી. રિસોર્ટ સહિતના સ્થળોએ ડીજે નાઈટ થાય તેવી પુરી શકયતા છે. આ સ્થળે ૩૧ ડિસમ્બરે ડીજે નાઈટ અને ફાયર ક્રેકર્સ માટેની મામલતદાર પાસેથી અને પોલીસ પાસેથી મંજુરી મેળવવા અરજીઓ પણ કરી દેવામાં આવી છે. મોટા ભાગના ડીજે નાઈટ પ્લેસ પર 'કપલ એન્ટ્રી' જ રાખવામાં આવી છે જેથી છેડતી જેવા કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તેની તકેદારી રાખી શકાય..! થર્ટી ફર્સ્ટ ડીજે નાઈટ મનાવવા થનગની રહેલા યુવા કપલોની કપલ એન્ટ્રી પાસની ડીમાન્ડ પણ 'હાઈ' થઈ ગઈ છે.

## ૧૦૮ ટીમ દ્વારા ક્રિસમસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના માર્ગો પર થતા અકસ્માતમાં ઘાયલોને ગણતરીની મિનીટોમાં સારવાર આપી હોસ્પિટલાઈઝ કરતી ૧૦૮ની ટીમ પ્રશંસનીય કામગીરી કરી સૌના દીલ જીતી લીધા છે. ત્યારે નાતાલ પર્વને લઈ આજે શહેરના ૧૦૮ના પાયલોટ અને ઈ.એમ.આઈ.ના સ્ટાફ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ચોકલેટ અને કેક દર્દીઓને આપી ક્રિસમસની ઉજવણી કરી હતી. સાન્તાકલોઝ બની દરેક વોર્ડમાં જઈ દર્દીને ચોકલેટ આપતા દર્દીઓ પણ હરખાઈ ઉઠયા હતા અને થોડા સમય માટે પોતાનું દર્દ ભુલી ગયા હતા.

નાતાલ પર્વ એ વિશ્વભરમાં ઈસુ ખ્રિસ્તના જન્મદિન નિમિત્તે મનાવાતું પર્વ છે. ભગવાન ઈસુ ખ્રિસ્તે શાંતિ, પ્રેમ અને ભાઈચારાનો સંદેશ પાઠવ્યો હતો. આ પર્વ બાદ નવા વર્ષનો પ્રાંરભ થતો હવાથી વિશ્વના દેશોમાં રહેતા નાગરીકો નાતાલ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે ત્યારે ગાંધીનગરના માર્ગો પર દોડાદોડ કરતી ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફ દ્વારા ઉત્તમ સેવા પુરી પાડવામાં આવે છે. શહેરમાં સેવા બજાવતા ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફ દ્વારા સતત ૭ વર્ષથી નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવે છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરના બજારોમાં ધીમા પગલે ઊંધીયાનું આગમન થયું છે.

● આજથી સરકારી કચેરીઓમાં ચાર દિવસનું મીની વેકેશન શરૂ થયું છે. પરંતુ ઘણી બધી કચેરીઓ કૃષિ મહોત્સવ, ગુણોત્સવ અને અન્ય સરકારી કાર્યક્રમોની તૈયારી માટે ચાલુ રહી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા વરાયેલા પ્રમુખશ્રી રામાજી ઠાકોરને પંચાયત પ્રમુખની ગાડી ફાળવી દેવામાં આવી છે.

● નાતાલ પર્વની ઉજવણી માટે નગર વ્યસ્ત બન્યું છે. આજે સિવીલ હોસ્પિટલમાં શાન્તાકલોઝ દ્વારા ચિલ્ડ્રન વોર્ડમાં ચોકલેટ વિતરણ થયું હતું.

● 'સ્માર્ટ લિવીંગ ઈન સ્માર્ટ સીટી' વિષયક સેમિનાર પ્રજાપિતા બ્રહ્માકુમારીય ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સે-૧૯ ખાતે યોજવામાં આવ્યો હતો.

● ગાંધીનગર નજીક આલમપુર ખાતે બનેલ માર્કેટ યાર્ડ આગામી દિવસોમાં કાર્યરત કરાશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

પહેલા... વિદેશ જઈને જોઈ આવો.. પછી તમે જ કહેશો... કે તમારા ઝૂંપડા તોડ્યા તે અમે બરાબર જ કર્યું છે...!

## આજથી ભાજપ યુવા મોરચા દ્વારા 'સુશાસન સપ્તાહ'

ગાંધીનગર, તા.૨૪

ભાજપ યુવા મોરચા દ્વારા ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન સુશાસન સપ્તાહની ઉજવણી રાજયભરમાં કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન સરકારે કરેલા મહત્વના નિર્ણયોની જાણકારી છેવાડાના માનવી સુધી પહોંચે તેવા કાર્યક્રમોનું આયોજન કરાશે. આજે ભાજપ યુવા મોરચાની કારોબારી બેઠકમાં ૮૦થી વધુ મોરચાના કાર્યકર્તાઓ જે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિજયી બન્યા છે તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું તેમજ આગામી દિવસોમાં આવી રહેલા કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

આજ રોજ ભારતીય જનતા યુવા મોરચાની પ્રદેશ બેઠક પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે મળી હતી. યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી અને યુવા મોરચાના પ્રભારી શ્રી મનસુખભાઈ માંડવીયા, મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી હર્ષદભાઈ સંઘવી ઉપરાંત રાષ્ટ્રીય મંત્રીશ્રી સચિનભાઈ ભસીન ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતુ.

યુવા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી હર્ષ સંઘવી તેમજ રાષ્ટ્રીય મંત્રીશ્રી સચિન ભસીનજીએ રાષ્ટ્રીય સ્તરેથી નક્કી થયેલ કાર્યક્રમો અંગે માહિતી આપી હતી અને આગામી સમયમાં ૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદ પૂજન કાર્યક્રમ તેમજ ૨૩ જાન્યુઆરીએ સુભાષચંદ્ર બોઝ જયંતિ નિમિત્તે ગુજરાતભરમાં રકતદાન શિબિરો (બ્લડ ડોનેશન કેમ્પો) યોજવા અને સામાજીક જવાબદારી યુવા મોરચો સંભાળે તે માટે આહવાન કર્યું હતું.

અમદાવાદ ખાતે યોજાયેલા ત્રિ દિવસીય વાઈબ્રન્ટ નેશનલ કોન્કલેવમાં સમાપન સમયે રાજયપાલ ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં નગરના આંખ રોગના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલને સ્વયં સિધ્ધ-૨૦૧૫ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ. તેજલ દલાલને આ એવોર્ડ એનાયત થતા નગરના તબીબી આલમે પણ ગૌરવની લાગણી વ્યકત કરી છે.